# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2024** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.**

---

- ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતા ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.
- ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટેની ફ્લાઇંગ સ્કવોર્ડે અત્યારસુધીમાં રાજ્યમાંથી કુલ પાંચ કરોડ ૬૨ લાખ રૂપિયાની પ્રતિબંધિત વસ્તુઓ જપ્ત કરી.
- આગામી લોકસભાના ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરાઇ રહ્યા છે.
- લોકસભા ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો સુગમતાથી મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ તૈયારીઓ કરાઇ રહી છે.
- યાત્રાધામ ડાકોરમાં ગઇકાલથી ફાગોત્સવનો પ્રારંભ થયો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NEW-LS-POLL-NOTIFICATION

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતા ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં તામિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની 5-5 બેઠકો માટે ચૂંટણી યોજાશે જ્યારે બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરુણાચલ પ્રદેશની 2, મણિપુર અને મેઘાલયની એક- એક સહિત કુલ 12 રાજ્યોમાં ચૂંટણી યોજાશે.

આ મહિનાની 27 તારીખ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 28મી માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારોના નામ પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30 માર્ચ રહેશે.

------

રીપીટ

# Election Expenditure Monitoring and Control

ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટેની ફ્લાઇંગ સ્કવોર્ડે રાજ્યમાંથી કુલ પાંચ કરોડ 92 લાખ રૂપિયાની પ્રતિબંધિત વસ્તુઓ જપ્ત કરી છે.

રાજ્યમાં લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાં ચૂંટણીપંચે સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતાનો સખ્તાઇથી અમલ કરતાં ફ્લાઇંગ સ્કવોર્ડે અત્યાર સુધી સમગ્ર રાજ્યમાંથી સરકારી મિલકતો પરથી 1 લાખ 47 હજાર 195 તથા ખાનગી મિલકતો પરથી 54 હજાર 994 રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર, બેનરો તથા પ્રચાર પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઇ રહે અને પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઇંગ સ્કવોર્ડ કાર્યરત છે. આ સ્ક્વોર્ડ દ્વારા અત્યાર સુધીમાં 1 કરોડ 35 લાખનો દારૂ, બે કરોડ 28 લાખ રૂપિયાના સોના-ચાંદી, તથા વાહનો અને અખાદ્ય ગોળ સહિતની અન્ય વસ્તુઓ મળી કુલ પાંચ કરોડ 92 લાખ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરી છે.

.................

રીપીટ

# Voting awareness

આગામી લોકસભાના ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરાઇ રહ્યા છે. અમદાવાદના અમરાઇવાડી વિધાનસભા વિસ્તારમાં વિવિધ સ્થળોએ ગઇકાલે મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. અમદાવાદ જીલ્લા કલેકટર કચેરીના માર્ગદર્શન હેઠળ અમરાઇવાડીના વિવિધ વિસ્તારોમાં મતદાનના મહત્વને સમજાવતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. તથા ચૂંટણી અને મતદાન વિગેરે બાબતોની વિસ્તૃત જાણકારી અપાઇ હતી. મતદારોને અચૂક મતદાનના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

તાપી જિલ્લાના નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવા વિવિધ સ્વીપ એક્ટિવિટી હાથ ધરાઈ છે. 23 બારડોલી લોકસભામાં ચૂંટણી વિભાગ દ્વારા સ્વીપ અંતર્ગત કે. બી.પટેલ ઇંગ્લિશ મિડિયમ સ્કુલ વ્યારાના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અંગેના વીડિયો તૈયાર કરવામાં આવ્યો હતો. આ વીડીયો વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તે માટે નોડલ અધિકારી સ્વીપ અને જિલ્લા શિક્ષણાધિકારી તાપીએ અનુરોધ કર્યો હતો. આ વિષે વધુ માહિતી આપતા અમારા તાપી ના પ્રતિનિધિ ....

(બાઇટ)

ગીર-સોમનાથ જિલ્લાના કોડીનારના કોટડાની પ્રાથમિક શાળા ખાતે પણ મહિલા મતદાર માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો. અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, નાયબ મામલતદાર બી.આર.ગોહિલે મહિલાઓને મતદાનનું મહત્વ સમજાવીને લોકશાહી પ્રક્રિયામાં પોતાનો અમુલ્ય વોટ આપીને ભાગીદાર થવા અપીલ કરી હતી. આ ઉપરાંત શાળાના બાળકો દ્વારા નાટક રજૂ કરી મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું.

---

-પીટીસી, તાપી, ગીર-સોમનાથ, સંસ્કૃતિ -(નવીન)

# NAVSARI-MATDAN JAGRUTI

મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે તેવા ઉદેશ્યથી નવસારી શહેરના ટાટા હાઈસ્કુલ વિદ્યાલય ખાતે યુવાનો માટે મોક મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે નેહરુ યુવા કેન્દ્રના પ્રતિનિધિ દ્વારા યુવાનોને મતદાન માટે જાગૃત કરાયા. નવસારી જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું છે.

. . . . . . . . . . . . . . . . . . .

PTC-NAVSARI-ASHOK PATEL, AJAY SIR, SONAL

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

......................................

# *Disabled voters*

ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા ચૂંટણી માટેની તૈયારીઓ હાથ ધરાઈ રહી છે. જે અંતર્ગત દિવ્યાંગ મતદારો સુગમતાથી મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થાઓ કરાઈ રહી છે.

અમદાવાદ જિલ્લાની વાત કરીએ તો, અમદાવાદ શહેર – જિલ્લાના મળી કુલ 60 લાખથી વધુ મતદારોમાં 30 હજાર 730 દિવ્યાંગ મતદારો છે.

ચૂંટણીપંચના નિર્દેશ મુજબ 40 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદાર માટે ઘરેથી મતદાનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત મતદાન કેન્દ્રો પર સ્વયંસેવકો તથા વ્હીલચેરની સુવિધાઓ પૂરી પડાશે. દિવ્યાંગ મતદારો 'સક્ષમ' એપની મદદથી મતદાન મથકો પર જરૂરી સુવિધાઓ મેળવી શકાશે.

અમદાવાદ- શહેર –જિલ્લાની પાંચ લોકસભા બેઠકના 30 હજાર ઉપરાંત દિવ્યાંગ મતદારોમાં 17 હજાર 64 પુરુષ અને 13 હજાર 662 મહિલાઓનો સમાવેશ થાય છે. જિલ્લા ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર જિલ્લા ચૂંટણીતંત્ર દિવ્યાંગો મતદારો સુગમતાથી મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા કટિબદ્ધ છે.

.................

મા.ખા., નિકીતા શાહ, રમેશ પરમાર

# Dakor

યાત્રાધામ ડાકોરમાં ગઇકાલથી ફાગોત્સવનો પ્રારંભ થયો છે.

ગઇકાલે આમલ કી એકાદશી પર્વ નિમિત્તે મોટી સંખ્યામાં ભકતો રણછોડરાયના દર્શને આવ્યા હતા. ગઇકાલથી ફાગણી મેળાનો પ્રારંભ થયો છે. આ પર્વ નિમિત્તે સવારથી જ રણછોડયરાય મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળી.

સાંજે આરતી બાદ શ્રીજીના બાળસ્વરૂપની શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં ભજનમંડળીઓ દ્વારા ભજન-કિર્તનની રમઝટ જામી હતી. નિજ મંદિરથી નીકળેલી આ યાત્રાના નગરના જાહેર માર્ગો પર ફરી લાલબાગ પહોંચી હતી. જયાં ભગવાનની આરતી બાદ શ્રદ્ધાળુઓએ અબીલ-ગુલાલની છોળો ઉડાવી હર્ષોલ્લાસ સાથે રંગોત્સવ ઉજવ્યો હતો. જય રણછોડના નાદથી સમગ્ર વાતાવરણ રણછોડયમય બની ગયું હતું.

------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# Holi - Patan

રંગોનું પર્વ હોળી અને ધુળેટીના તહેવાર આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પાટણ શહેર સહિત સમગ્ર જિલ્લામાં રંગોત્સવને અનુલક્ષીને ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ભારે ઉમંગ અને ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. શહેરના બજારોમાં ઠેર ઠેર વિવિધ પ્રકારની પિચકારીઓ, રંગો, હાયડા તેમજ ધાણી, ખજૂર તેમજ કેમિકલયુક્ત અને પ્રાકૃતિક રંગોનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે.

અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, ગત વર્ષની તુલનાએ તમામ પ્રકારની વસ્તુઓના ભાવમાં વધારો થવા છતાં લોકોમાં ખરીદીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

---------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, સંસ્કૃતિ -(નવીન)

# NCC AHD - Civil Defense Basic Training Class

એસ.વી આર્ટ્સ કોલેજ એનસીસી કંપનીના કેડેટ માટે પાંચ દિવસ માટે નાગરિક સંરક્ષણ બેઝીક તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેર નાગરિક સંરક્ષણના ચીફ વોર્ડન બાબુભાઈ ઝડફિયાએ કેડેટને અભિનંદન પાઠવી દેશ સેવા તથા સમાજસેવાના સંદેશા સાથે આ તાલીમ વર્ગનો પ્રારંભ કરાવ્યો હતો.

પાંચ દિવસ સુધી ચાલનારા આ તાલીમ વર્ગમાં એનસીસી કેડેટને આગ, પ્રાથમિક સારવાર, CPR, યુદ્ધના પ્રકારો, ડિઝાસ્ટર તથા કૃત્રિમ કે કુદરતી હોનારતોમા બચાવ કામગીરી કેવી રીતે કરવી ફાયર બ્રિગેડ અને ૧૦૮ દ્વારા તે અંગે વિસ્તૃત માહિતી અને તાલીમ આપવામાં આવશે.

-------

Ptc- AHD-KARAN PARMAR, AJAY SIR, SONAL

# RAJKOT SPORTS

રાજકોટ ડીવીઝન સ્પોર્ટસ એસોસીએશન દ્વારા આયોજીત ડીઆરએમ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટમાં આરપીએફ ક્રિકેટ ટીમ 5 વિકેટથી મેચ જીતીને ચેમ્પિયન બની છે.

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં આયોજિત ડીઆરએમ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ અને અન્ય સ્પર્ધાઓનું 16 ડિસેમ્બર, 2023 થી 19 માર્ચ, 2024 દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ક્રિકેટ ઉપરાંત ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ફૂટબોલ, વોલીબોલ સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. દરેક રમતના વિજેતાને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

-પીટીસી, રાજકોટ, સંસ્કૃતિ-(નવીન)

# CA

સી.એ. ઇન્ટરમીડિયેટ અને સી.એ. ફાઇનલ પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા સી.એ. ફાઉન્ડેશન, ઇન્ટરમીડીયેટ અને ફાઇનલ પરીક્ષાઓ માટે નવું ટાઇમટેબલ જાહેર કરાયું છે. જે મુજબ ઇન્ટરીમીડીયેટ ગ્રુપ એ ની પરીક્ષા 3 – 5 અને 9 મે તથા ગ્રુપ બી ની પરીક્ષા 11 – 15 અને 17 મે ના રોજ લેવાશે.

ગ્રુપ એ ની ફાઇનલ પરીક્ષા 2 – 4 અને 8 મે ના રોજ જયારે ગ્રુપ બી ની ફાઇનલ પરીક્ષા 10 – 14 અને 16 મે ના રોજ લેવાશે.

સંસ્થાની સત્તાવાર વેબસાઇટ ઉપર તમામ પરીક્ષાનો વિગતવાર સમયપત્રક મુકવામાં આવ્યું છે.

---

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# Sahitya Sanvad – Mahisagar

મહીસાગર સાહિત્ય સભાના ઉપક્રમે લુણાવાડા ખાતે "એક સાંજ સાહિત્ય સંવાદ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કન્નડ સાહિત્યના કવિ, નાટકકાર, સંપાદક એચ.એસ. શિવપ્રકાશ અને ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ વાર્તાકાર કીરીટ દૂધાત ઉપસ્થિત રહ્યા હતા. બંને સાહિત્યકારોએ પોતાની ભાષામાં સાહિત્યની છટાદાર રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર કાનજી પટેલ, મહીસાગર સાહિત્યસભાના સંયોજક નરેન્દ્ર જોશી સહીત સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

---

-ડીડી, સંસ્કૃતિ -(નવીન)